સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

મંથન કરી 'મનપા' નું ઝેર પીધું, શંકર હતા,
ને રહ્યા નિર્લેપ, ભસ્મયોળી, વૈરાગી, શંકર હતા,
સ્વચ્છ અધિકારી, કાયદાના ત્રિનેત્ર-શંકર હતા,
કવિ હૃદય, પિતૃવત્સલ એ 'પ્રેમ-શંકર' હતા
(હૃદયપૂર્વક, વંદન સહ, અંજલિ)

હાઈકુ

'ડીએ વધારો'
પટપટાવો પૂંછ -
નાખ્યો ટૂકડો!

ઘણી ન ઘોરી!
ચાલે છે 'રામ-રાજ'
તંત્ર ભરોસે..

ચિંતન

વેષં ન વિશ્વસેત્ પ્રાજ્ઞો વેષો દોષાય જાય તે । રાવણો ભિક્ષુક રૂપેણ જહાર જનકાત્મજામ્ ॥

'બાહ્ય વેશ (આભૂષણ-આચાર ટીલાં-ટપકાં-માળાઓ) નો વિશ્વાસ ન કરવો જોઇએ ઠગારા-ચતુર-બુદ્ધિશાળી દુર્જનનો વેશ છેતરવા માટે જ હોય છે જે રીતે બુદ્ધિશાળી-વિદ્વાન-પંડિત રાવણે ભિક્ષુકનો વેશધરી જાનકીજીનું અપહરણ કર્યું હતું.'

આજકાલના ઢોંગી-દંભી-વેશધારી બાવા-બાપુ-યોગીઓ માત્ર બાહ્ય વેશભૂષા અને ઉપરછલ્લી મીઠી-મધુરી વિદ્વતાભરી વાતો કરી નિર્દોષ-ભોળાં-શ્રધ્ધાળુઓને માયાજાળમાં ફસાવી આર્થિક-શારીરિક-માનસિક શોષણ કરે છે. આથી બાહ્યાચાર જોઇ એનાથી અભિભૂત ન થઇ જવું- સાવચેત રહેવું.

આપણને તો આવા દંભી ઢોંગી-વેશધારી આશારામ અને તેમના એવા જ કાનુડા પુત્ર નારાયણનો જીવંત અનુભવ છે અત્યારે એમના વેશનો અંચળો ઉતરી ગયો છે અને કેટલીય પિંખાયેલી પુત્રીઓ પોતાની વેદનાઓ રજૂ કરવા પોલીસ સ્ટેશન પહોંચી છે.

આ શ્લોકમાં ભિક્ષુકનો વેશ પહેરી વિદ્વાન રાવણે પણ 'છેતરપીંડી' કરી અપહરણ કર્યું એ દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

સુવિચાર

- વિશ્વએ કર્મને મુખ્ય બનાવ્યું છે, પરંતુ વિશ્વના નાથે કર્મને મુખ્ય નથી બનાવ્યું એમણે કરૂણાને મુખ્ય બનાવી છે *- ધર્મસૂત્ર*
- જો આપણે ભ્રષ્ટ વિચારોથી બચી શકીશું તો જ સમાજને વિકૃતિમાંથી બચાવી શકીશું, વિકૃતિ વિનાનો સમાજ એટલે વિકાસશીલ સમાજ *- હૃદયસૂત્ર*
- પાણી જેવી પારદર્શક વાણી ગમે, પાણી ડહોળી નાખે એવી દલીલ નહીં, કારણ કે દલીલ વમળ ઊભાં કરે છે *- ધ્વનિત*
- અનિશ્ચિતતા છે ત્યાં સુધી જ શક્યતા છે, માણસને જો કોઇ આગળ ધપાવતું પરિબળ હોય તો તે અનિશ્ચિતતતા જ છે *- એસ.ભટ્ટાચાર્ય*
- પાછળથી માફી માંગવાનું આવે એવું કામ ન કરતા, અને ભૂલમાં એવું કામ થઇ જાય તો સો વાર માફી માંગવામાં વિચાર ન કરતાં *- જ્ઞાનસૂત્ર*
- પ્રથમ પુરૂષ એક વચનનાં વર્તમાનકાળને ત્રીજા પુરૂષ એકવચનનાં ભૂતકાળમાં (એટલે કે 'હું છું' માંથી 'તે હતો' માં) ફેરવી નાખતું જીંદગીનું વ્યાકરણ એટલે 'સ્મશાન' *- જનકલ્યાણ*
- કોઇને જો કશું કહેવાનું થાય તો પણ જેટલું કહેવાનું હોય એટલું જ સ્પષ્ટ કહેવું જોઇએ, કશું અધકચરૂં કે કશું વધારીને ન કહેવું જોઇએ, આટલું જીવનમાં અમલમાં મૂકતા સહજ, સરળ અને આનંદમય બની જાય છે *- રાજેશ વ્યાસ*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

આજ તો દારૂડિયા લઠ્ઠો પીને મરે તો પણ એમનો પરિવાર સરકાર પાસે વળતર માંગે! અને 'બુદ્ધિમાન' સરકાર આપે પણ, આજ તો ઘણાખરા કિસ્સામાં કુદરતી વાકે મૃત્યુ થયાં હોય તો પણ પરિવારની પહેલી નજર 'વળતર' પર હોય એમાં પાછો તંત થાય!!

ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય એકત્ર કરવા ગામડે ફરતાં-કતપર પહોંચ્યા. ત્યાં માજીને ઘણું લોકસાહિત્ય કંઠસ્થ હતું. માજીને તપાસ કરતાં ખબર પડી કે માજી તો મજૂરી કરવા ગયા છે. સિત્તેર વર્ષના માજી સાંજે થાકી-પાકી ઘરે આવ્યાં. મેઘાણીએ વાતવાતમાં પૂછ્યું મા એકલાં છો? આ ઉંમરે મજૂરી કેમ કરવી પડે છે?

માજી કહે દીકરો હતો, પણ વેપારીનું વહાણ લઇ દૂબઇ તરફ જતો હતો. તોફાનમાં વહાણ અને દીકરો ડૂબી ગયાં.

મેઘાણી કહે પણ તમે વેપારી પાસેથી દીકરાના મોતનું વળતર ન માગ્યું!

માજીએ આશ્ચર્ય સાથે કહ્યું, એક તો મારા દીકરાએ બિચારા વેપારીના માલ સાથે વહાણ ડૂબાડ્યું અને વળી ઉપરથી હું વળતર માગું? વળતર ઇ માંગે કે હું?!

મેઘાણી મનમાં બોલ્યા. આ અભણબાઇ જેવું ગણિત જો સૌને આવડી જાય તો કેટલું સારૂં?!

Email - sureshchandrabhatt18@gmail.com

પશ્ચિમ ધર્મને સમજવા માટે તર્ક અને વિજ્ઞાનનો આશ્રય લે છે, જયારે ભારત ધર્મને સમજવા માટે શ્રદ્ધા અને જ્ઞાનનો આશ્રય લે છે, એક દિવસ એવો જરૂર આવશે જયારે પશ્ચિમે ભારતના માર્ગનું અનુકરણ કરવું પડશે

શિક્ષણ અને જૈન સમાજ

- હર્ષદ પ્ર. શાહ

આમ તો શિક્ષણ એવી પ્રક્રિયા છે. જે માનવમાત્રને સ્પર્શે છે, પછી તે કોઇ પણ સમાજનો હોય. પરંતુ વિદ્વાન અને આત્મીય મિત્ર ડો. શરદ ઠાકરનો સંદેશો આવ્યો કે પ.પૂ. બંધુબેલડીના સર્વણિમ સત્કાર ઉત્સવર પ્રસંગે આ વિષય પર કંઇક સર્જનાત્મક લખીને મોકલાવું... તેથી જૈન સમાજના એક અંગ તરીકે જૈન સમાજને નજર સામે રાખીને આ લેખ લખી રહ્યો છું. તેમ છતાં મારા સ્વભાવ અને મારી વિચારધારાને કારણે જે પણ લખાશે તે સાર્વત્રિક જ હશે, વ્યાપક જ હશે.

તાજેતરમાં બનેલી એક ઘટનાથી શરૂ કરૂં. આપણી કેન્દ્ર સરકારે વ્યાપક દૃષ્ટિવાળા જૈન સમાજને લઘુમતીમાં મુકી દીધો! જે દિવસે આ સમાચાર વાંચ્યા તે દિવસે બહુ વ્યથિત રહ્યો. જેવાં કામો અને નિર્ણયો બ્રિટીશ સરકાર કરતી હતી એવું જ કામ ફરી એકવા આપણી... સ્વતંત્ર ભારતની સરકારે કર્યું! 'ભાગલા પાડો ને રાજ કરો'ની અંગ્રેજોની નીતિનાં કોરડાનો માર ભારતમાતાએ અનેક વાર સહન કર્યો અને ફરી એકવાર એવો જ એક કોરડો વિંઝાયો ને સિસકારો નીકળી ગયો. શું સત્તાકીય સ્વાર્થ માટે દેશને બહુમતી અને લઘુમતીની વિટંબણામાંથી મુક્ત જ ન થવા દેવો, એવો ઘોર સંકલ્પ કરીને જ શાસકો શાસન ચલાવતા રહેશે? એકમતી થવા જ નહીં દે? ખરેખર તો બહુમતી અને લઘુમતીની માયાજાળમાંથી છોડાવીને એકમતી - એકતાની પ્રતિષ્ઠા કરવાની જરૂર છે. બહુમતીને લઘુ લાભ અને લઘુમતીને બહુ લાભ એવી વિસંગતીઓ નિર્માણ કરવામાં જ શાસકોને રસ છે? આવી તુષ્ટીકરણની નીતિમાંથી અસંતુષ્ટિ સિવાય કંઇ જ પૈદા થતું નથી... પણ, થોડા અલ્પમતિ (ક્ષમા કરો... આવું લખાઇ જાય છે માટે...) લોકો કે સાધુજનોની સંકુચિત વિચારધારાને સ્વીકારી લઇને જૈન સમાજને લઘુમતીની શ્રેણીમાં મુકી દેવો એ આવા શાણા સમાજને રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાંથથી વેગળો કરી દેવા બરાબર છે.

વાસ્તવમાં 'ધર્મ' અને 'સંપ્રદાય'નો તાત્ત્વિક કે સૈદ્ધાંતિક ભેદ ન સમજવાને કારણે અનેક સ્તર ખોટા નિર્ણયો થાય છે. માટે થોડા શબ્દો આ બે 'સંજ્ઞા' ને સ્પષ્ટ કરવા ઉપયોગમાં લઇ રહ્યો છે. ભારતીય જીવનદર્શનમાં ધર્મ એક અતિ વ્યાપક સંકલ્પના છે. અંગ્રેજી શબ્દ Religion એ સંકલ્પના સમજાવવા સમર્થન નથી.

ધર્મ અને સંપ્રદાય વચ્ચેનો ભેદ સમજવો અતિ આવશ્યક છે. એ ઉચિત રીતે ન સમજવાને કારણે જ સંકીર્ણતા જન્મે છે. જે શબ્દનો માનવે સ્વાર્થિક દુરૂપયોગ કર્યો છે તે શબ્દ છે 'ધર્મ.' એના એણે મન ફાવે તેમ અર્થ કર્યા. ક્યાંક એનો ઉપયોગ સ્વાર્થ માટે કર્યો તો ક્યાંક પરમાર્થ માટે. ક્યાંક એણે ધર્મના નામે શ્રદ્ધા જગાડી તો ક્યાંક અંધશ્રદ્ધા. અને તેમ છતાં એ નિર્વિવાદ સત્ય પણ છે કે આ જ શબ્દ પર માનવની સર્વાધિક આસ્થા છે.

વાસ્તવમાં ધર્મ ઇશ્વરને ઓળખવાનું પ્રથમ ચરણ છે. ધર્મની ધારણા થઇ શકે છે, ધર્મને જોઇ શકાતો નથી. શ્રેષ્ઠ આચરણ... શ્રેષ્ઠ વ્યવહારનું નામ ધર્મ છે, એ કોઇ ક્રિયા-વિધિનું નામ નથી. ધર્મ સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રક્રિયા છે, સ્થૂળ પ્રક્રિયા નથી. એના માધ્યમથી પરમ તત્ત્વનો, શાશ્વત તત્ત્વનો, નિશ્ચિલ-નિરાકાર તત્ત્વનો પાર પામવાનો છે. એ ભૌતિક નહીં, આધિભૌતિક છે... પરંતુ મનુષ્યે કેટલાક સરળ અને ટૂંકા રસ્તા અપનાવ્યા. માળા શોધી, મંદિરો બનાવ્યા, મસ્જિદો બનાવી, ગિરજાઘરો અને ચર્ચો બનાવ્યાં. ભગવાનના સ્વરૂપની કલ્પનાઓ કરીને એની પ્રતિભાઓ બનાવી. પ્રતિમાનું પૂજન અને અર્ચન કરવા માટે ધૂપ અને દીપ બનાવ્યા... અને આ બધું કર્યા પછી મનુષ્ય માળા, મંદિર, ધૂપ, દીપ અને ટીલાં-ટપકામાં એવો તો ખોવાઇ ગયો કે ધર્મની ધારણા જ બાજુએ રહી ગઇ! આ બધું કર્મ-કાંડ મનને પ્રભુચિંતનમાં એકાગ્ર કરવા માટે હતું, પણ તેતો ભાવહીન, યંત્રવત્ ક્રિયા જ માત્ર રહી ગઇ. માનવસર્જિત આ બધી ક્રિયા-પ્રક્રિયાનું નામ છે 'સંપ્રદાય'.

ઇશ્વરને જાણવો સહેલું કામ નથી. માટે માણસે ધર્મનો આધાર લીધો. ધર્મની ધારણવા કરવી એ પણ સહેલું કામ નથી. માટે માણસે સંપ્રદાયનો આધાર લીધો. પણ, સંપ્રદાયને ધર્મ માની લેવાની જે ભૂલ માણસે કરી છે તે અતિ ભયંકર છે. અને... ચિંતન અને સમજ દ્વારા આજે નહીં તો કાલે, પણ મનુષ્યે ધર્મ અને સંપ્રદાય વચ્ચેનો ભેગ સમજ્યા વિના છૂટકો નથી. સંપ્રદાયને ધર્મ માની બેસવાની ગેરસમજ ઇશ્વરના માર્ગે આડેનો મોટો અવરોધ છે.

'ધર્મ' કોઇ પરિવર્તનશીલ સિદ્ધાંત નથી. એ તો સત્યનો પર્યાયવાચી છે. શાશ્વત ધર્મ, જેને ઋત-સત્ય કહેવામાં આવે છે, તેને સ્વાર્થપૂર્તિનું સાધન ન બનાવી શકાય. તેને સંકીર્ણતા, અસહિષ્ણુતા, પક્ષપાત સાથે પણ ન જોડી શકાય. તેને કોઇ આદેશ કે ફતવાના સ્વરૂપે પણ પ્રસ્તુત ન કરી શકાય. ધર્મ તો સતત છે, સાર્વકાલિક છે, સાર્વદેશિક છે અને પ્રત્યેક પ્રાણી માટે ઉપલબ્ધ છે. જે રીતે સૂર્યપ્રકાશ દરેક માટે છે તેમ ધર્મ દરેકને માટે છે. પણ કોઇનું દુર્દૈવ જોર કરતું હોય ને જાણી જોઇને પોતાની આંખો જ બંધ કરી દે... કહો કે અજ્ઞાનવશ પ્રકાશનો માર્ગ બંધ કરી દે તો એને સૂર્યનો પ્રકાશ નથી જ મળવાનો.

ભારતીય ઋષિઓ અને મનીષિઓએ ધર્મતત્ત્વ પર જે મંથન કર્યું. તેના નિષ્કર્ષ રૂપે કહ્યું કે ધર્મ એક એવી આંતરિક ક્રાંતિ છે, જેનો મૂળ ઉદ્દેશ્ય અનુભૂતિ દ્વારા અંતસ્માં એવા પ્રકારનું રૂપાંતરણ કરવું કે જે પ્રાણીમાત્ર માટે જ નહીં પરંતુ સમસ્ત પ્રકૃતિ માટે પૂર્ણરૂપે સહયોગી બની જાય. ભારતીય દ્રષ્ટાઓની દૃષ્ટિમાં ધર્મ એક અનુભવ છે - સર્વવ્યાપી ભગવદ્ સત્તાનો... પરમ ચૈતન્યનો.

પરંતુ પશ્ચિમે ધર્મના સંદર્ભમાં જે ચિંતન કર્યું તે ભયની ઉપજ હતી. એમાંથી જ 'Religion' અને 'મજહબ' જેવા શબ્દો જન્મ્યા. એ સંપ્રદાયપ્રધાન ચિંતન છે. એ ચિંતનના નિષ્કર્ષ રૂપે ધર્મની જે અવધારણા બની એ કોઇને કોઇ વ્યવક્તિવિશેષ કે ગ્રંથવિશેષ સાથે જોડાઇ.

ભારતીય મનીષિઓએ ધર્મને કોઇ વ્યક્તિ કે ગ્રંથ સાથે ન જોડ્યો. એટલા જ માટે ધર્મના શાશ્વત અને ચિરંતન સ્વરૂપને ઓળખવા માટેની સર્વશ્રેષ્ઠ ભૂમિ ભારતભૂમિ છે.

પશ્ચિમે ધર્મને 'બહુમુખી ચેતના' ના સ્વરૂપે જુએ છે, જયારે ભારત ધર્મને 'અંતર્મુખી ચેનતા' ના સ્વરૂપે. મૂળભૂત ભેદ છે બંને વચ્ચે. પશ્ચિમ ધર્મને સમજવા માટે તર્ક અને વિજ્ઞાનનો આશ્રય લે છે. જયારે ભારત ધર્મને સમજવા માટે શ્રદ્ધા અને જ્ઞાનનો આશ્રય લે છે. એક દિવસ એવો જરૂર આવશે જયારે પશ્ચિમે ભારતના માર્ગનું અનુકરણ કરવું પડશે.

પશ્ચિમના સંકીર્ણ અને અપૂર્ણ ચિંતનને પરિણામે ત્યાંના લોકો અજ્ઞાનતાપૂર્ણ વ્યવહાર કરે છે, ભોગને પ્રાધાન્ય આપે છે, ભૌતિકતાને જ સુખ માને છે, પોતાની જ વાત સાચી અને અન્યની ખોટી એવી સંકુચિતતા દાખવે છે તેમજ પોતાના મન-પંથનો પ્રચાર-પ્રસાર કરવામાં ધર્મસહજ વિવેકભાન ભૂલીને ધર્મ આચરવામાં પણ પાછીપાની કરતા નથી. પરિણામે તેઓ જગતનાં અન્ય રાષ્ટ્રોને હડપ કરી જવા આક્રમણો કરે છે.

પશ્ચિમની બધી સમસ્યાઓનું મૂળ એનું અપૂર્ણ ચિંતન છે. ભારત વ્યાપક ચિંતનની પ્રતીતિ કરાવતાં કહે છે - એકં સત્ વિપ્રાં બહુધા વદન્તિ... સત્ય એક છે, બુદ્ધિમાનો એને અનેક રીતે વર્ણવે છે. સર્વ દેવં નમસ્કારં, કેશવં પ્રતિ ગચ્છતિ... કોઇ પણ દેવની પૂજા છેવટે ઇશ્વરને પ્રાપ્ત કરાવી આપવાનું કામ કરે છે.

ભારતની આવી વ્યાપક ધર્મદૃષ્ટિ - જીવનદૃષ્ટિને પરિણામે અહીં -
સંઘર્ષનું નહીં, સન્મન્વયનું વાતાવરણ બન્યું,
અસહિષ્ણુતાનું નહીં, એકાત્મતાની અનુભૂતિ થઇ,
સંકુચિતતાનો નહીં, વિશાળતાનો અનુભવ થયો,
ખંડ-ખંડનો નહીં, અખંડતાનો સાક્ષાત્કાર થયો,
ભૌતિકતાનું મૃગજળ નહીં, આધ્યાત્મિકતાનું અમૃત પ્રાપ્ત થયું.

આ બધી બાબતોને કારણે જ ભારતભૂમિમાં જે શાંતિ છે તે ક્યાંક નથી, એમાં જે સત્ત્વ છે તે ક્યાંક નથી, એમાં જે સુખ છે તે ક્યાંય નથી...

ધર્મ આપણને અજ્ઞાનની દૂર લઇ જવાનો સશક્ત પ્રયાસ છે. ધર્મનો સંબંધ આંતરિક શુદ્ધિકરણ સાથે છે. આંતરિક શુદ્ધિકરણ માટે કોઇ ભીડતંત્ર (ધર્મસ્થાપક)ની જરા પણ આવશ્યકતા નથી. માનસિક એકાંત અને મૌનના અભાવમાં ધર્મની પ્રયોગશાળામાં પ્રવેશ કરવો કોઇ પણ વ્યક્તિ માટે સંભવ નથી.

ધર્મ પોતાની સૂક્ષ્મતા છોડી ક્યારેય સામૂહિક સ્વરૂપ ધારણ કરી શકતો નથી. ધર્મ વ્યક્તિગત રીતે જ ધારણ કરી શકાય. સામૂહિકતામાં પ્રવેશ કરતાંની સાથે જ ધર્મ પોતાનો મૌલિક સ્વભાવ ગુમાવી બેસે છે, અને માત્ર કર્મકાંડ બનીને રહી જાય છે. સામૂહિકતામાં પ્રવેશ કરતાં જ ધર્મ અનુષ્ઠાન, રીત-રિવાજ, રૂઢિઓ અને વિશેષ પ્રકારની આસ્થા સાથે જોડાઇ જાય છે અને તેનું સ્વરૂપ બદલાઇ જાય છે. આ સ્થિતિમાં ધર્મ પોતાનું વાસ્તવિક સૌંદર્ય અને પોતાનો વાસ્તવિક અર્થ બંને ગુમાવી બેસે છે. આવો 'રૂપાંતરિક ધર્મ' સમાજને નાના નાના ટુકડામાં વહેંચે છે, માનવતાનો ક્ષય કરે છે, સાંપ્રદાયિકતા નિર્માણ કરે છે... અને આ બધું આધ્યાત્મિક ચેતનાના જાગરણમાં સહાયક ન બનતાં વ્યક્તિને સંકીર્ણ અને અનુદાન બનાવવાનું વિપરીત કાર્ય કરે છે. વર્તમાન શાસકો (૨૦૧૪) નો જૈન સમાજને લઘુમતીમાં મૂકવાનો નિર્ણય ઉપરોક્ત ચિંતનનું વ્યાવહારિક - અનિચ્છનીય પરિણામ નથી શું?

(ક્રમશ:)

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે ગુજરાતના ગઝલવિદ, ગઝલકાર, અને ગઝલ વિષયમાં ડૉકટરેટની પદવી મેળવનાર પઠન કાર્યક્રમ તા. ૧૯-૪-૨૦૧૪ ને શનિવારના રોજ સાંજના ૫.૦૦ વાગે, મહારાષ્ટ્ર ભવન, સેક્ટર-૨૧ ખાતે યોજવામાં આવેલ છે

સમાચાર સેતુ

છેલ્લા ૧૭ વર્ષોથી સતત કાર્યરત એવી, ગાંધીનગર સાહિત્ય સભાની રાબેતા મુજબ દર, માસના બીજા રવિવારે અચૂક મળતી સાહિત્ય ગોષ્ઠિસભા, આ માસમાં તા. ૧૩-૪-૧૪ ને રવિવારના રોજ, પ્રમુખ ભરત કવિ 'ઉર્મિલ' ની અનુપસ્થિતિને કારણે, ઉપપ્રમુખ નટવર હેડાઉ 'વનવિહારી'ના અધ્યક્ષપણામાં, સાંજના ખુશનુમા વાતાવરણમં 'નયન એપાર્ટમેન્ટ', સેક્ટર-૨૧ ખાતે, સિનિયર સિટીઝન કાઉન્સિલના સદ્ભાવથી તેઓશ્રીના કાર્યાલયમાં સંપન્ન થઇ.

શબદની સંગિની મા શારદાની સ્તુતિવંદનાથી સભાની શરૂઆતનું મંગલાચરણ કરવામાં આવ્યું. ત્યારબાદ અધ્યક્ષ એ તેમની લાગણીશબર વાણીમાં સર્વેનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. એપ્રિલ માસમાં જેઓનો જન્મદિન હતો તેવા ૧૯ મહાનુભાવોના નામોનું વાંચન મંત્રી મૂળજીભાઇ પરમાર 'દધિ' દ્વારા કરવામાં આવ્યું અને હાજર સર્વે દ્વારા, સર્વેને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવી. પૂર્વ પ્રમુખ દોલત ભટ્ટ દ્વારા, સાહિત્યમાં રસ લઇ, માતૃભાષાની ગરિમા વધારવા બદલ સર્વેનો આભાર માનવામાં આવ્યો.

નવા જોડાયેલ સભ્યોને આવકાર્યા બાદ ઉપસ્થિત સાહિત્યકારો/કવિઓએ તેમની સ્વરચિત કૃતિઓનું વાંચન/ગાન/પઠન કર્યું તેનું સંચાલન મંત્રી મૂળજીભાઇ પરમાર દ્વારા કરવામાં આવ્યું.

નીચે પ્રમાણેની કૃતિઓ રજૂ કરવામાં આવી.

(૧) મહેન્દ્રભાઇ પુરોહિત - કાવ્ય ગાંધીનગરના સ્કૂટરવાળા
- સંવેદન છીએ.
(૨) રમણલાલ શ્રીમાળી - શ્યામ સમણામાં આવ
- પ્રાર્થના
(૩) સુમંતભાઇ શાહ - ગઝલ - પાવક
(૪) સુરેશ પી. ભટ્ટ - મિડિયા (મુકતક)
(૫) મૂળજીભાઇ પરમાર 'દધિ' - વાલમ તું આવી જા... (કાવ્ય)
(૬) ડો. સોમભાઇ સી. પટેલ - મેં જોયું તો... (કાવ્ય)
(૭) સંજય થોરાત - લાડીનું ગાડી ડ્રાઇવિંગ (કાવ્ય)
(૮) ઇશ્વરલાલ ડી. જોષી - હાઇકુ સંપૂટ, અરમાન (કાવ્ય)
(૯) ગુલાબચંદ પટેલ - શૂન્યતા (કાવ્ય)
(૧૦) કાન્તિભાઇ એમ. શર્મા - છી અમે ગુજરાતી (કાવ્ય)
(૧૧) ભરત પાઠક 'નયન' - દરકાર (લઘુકથા)
(૧૨) ભાલચંદ્ર દ. કાજરેકર - ચામડાનું તાળુ, જેની ચાવી બેચાર (વાર્તા)

આ રચનાઓ સર્વેએ મનભર માણી, નાણી અને તાળીઓના ગડગડાટથી વધાવી લઇ, વખાણી અને અંતરનો ઉમળકો પ્રગટ કર્યો.

બીજા મંત્રી સંજય થોરાતે હાજર સર્વેનો ઉમળકાભેર આભાર માન્યો. સ્થળના સદ્ભાવ બદલ સિનિયર સિટીઝન કાઉન્સિલનો પર આભાર માનવામાં આવ્યો.

● ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે ગુજરાતના ગઝલવિદ, ગઝલકાર, અને ગઝલ વિષયમાં ડોકટરેટની પદવી મેળવનાર પઠન કાર્યક્રમ તા. ૧૯-૪-૨૦૧૪ ને શનિવારના રોજ સાંજના ૫.૦૦ વાગે, મહારાષ્ટ્ર ભવન, સેક્ટર-૨૧ ખાતે યોજવામાં આવેલ છે. આ સભામાં સમયસર સભ્યો, સાહિત્યકારો અને સાહિત્ય રસિકો-ભાવકો તથા મહાનુભાવોને વિનંતીસહ અનુરોધ કરવામાં આવે છે.

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

કાવ્યસેતુ : ગાંધીનગરના સ્કૂટરવાળા

અમે ગાંધીનગરના સ્કૂટરવાળા
પગદંડી-ફુટપાથ નગરના
સઘળા માર્ગ અમારા - અમે...
પીપી હોર્ન અમને નહિ ફાવે
ટ્રકના હોર્ન લગાવ્યા
રસ્તે સામે કદીક જ જોઇએ
આજુબાજુ ફાંફાં મારીએ
પાર્કિંટ કે દુકાન ખોળીએ
ક્યાં વળવાના કોઇને ન કહીએ
રાદરારીની ઐસીતૈસી
જેવાં ભાગ્ય તમારા - અમે...
જનમેદની કે શાકની માર્કેટ
સ્કૂટર અમારાં સગળે ચાલે
હોર્ન વગાડતાં રસ્તો કરીએ
સ્કૂટર બેટાં શોપિંગ કરીએ
રસ્તો રોકી પાર્કિંગ કરીએ
અમને કોઇ નહિ પૂછનારા - અમે...
અફશોસ અમને એક જ છે ભાઇ
ઘરમાં પગથી ચાલવું પડે ભાઇ
એવું એક સ્કૂટર ખોળી દોનેભાઇ
ઓરડ ઓરડે ફેરવી શકાય ભાઇ
પગને આરામ આપી શકાય ભાઇ
શોદો તો સો સો સલામ અમારા - અમે...

- મહેન્દ્ર પુરોહિત

(અનુસંધાન પાના નં. ૬ પર)

પરીક્ષા એ જીવનનું સર્વસ્વ નથી, 'સિર સલામત તો પઘડી બહોત'- એ ન્યાયે જિંદગીનું મૂલ્ય સમજો... આત્મહત્યા એ તો નરી કાયરતા છે, એવી બેવકૂફી તો કદી ન કરાય...!! જીવનનો મર્મને સમજો...તેનું જતન કરો

લાગણીનો મેળો

- રસિક આર. વાળંદ 'નિર્ઝર'

જીત પર હસતો રઝ્ઝો ને હાર પર હસતો રઝ્ઝો,
ફૂલની શૈયા ગણી અંગાર પર હસતો રઝ્ઝો.
ઓ મુસીબત! એટલી ઝિંદાદિલી ને દાદ દે,
તે ધરી તલવાર તો હું ધાર પર હસતો રઝ્ઝો...

- જમીયત પંડ્યા

દર વર્ષે માર્ચ અને જૂન મહિના વચ્ચેના પરીક્ષાના સમયગાળા દરમિયાન ભય, તનાવ, કે વિહવળતાથી ે-રાયીને આત્મહત્યા કરી બેસતાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના બનાવો અખબારી પાને ચમકે છે. ત્યારે હું કંપી ઉઠું છું!! આવી કમનસીબ ઘટનાઓના ઘટે તેમજ જવાબદાર પરિબળો અંગે મા-બાપો, શિઘાણ સાથે સંકળાયેલા તેમજ સમાજના સૌ હિતચિંતકોએ યોગ્ય ઉકેલ શોધવાની તાતી જરૂર છે.

આત્મઘાત જેવું અવિચારી પગલું ભલે ન ભરે પરંતુ પરીક્ષાનો ભયતો સૌ કોઈને સતાવતો જ હોય છે. પરીક્ષા ટાણે માથાનો દુ:ખાવો, તાવ જેવી માંદગીના ભોગ બને છે. આ માટે આજની શિઘાણ વ્યવસ્થા અને પરીક્ષા પદ્ધતિ એકમાત્ર કારણભૂત છે. તે સૌ કોઈ સમજે છે. જો કે હમણાં સતત સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિના સુચારુ અમલ માટે શિક્ષણબોર્ડે કમર કસી છે તે સરાહનીય છે. વર્ષભર કરેલા અભ્યાસનો નિષ્કર્ષ માત્ર ત્રણ કલાક ની પરીક્ષાથી નક્કી કરાય છે ને કારકિર્દીના મંડાણ પણ એના આધારેજ થાય છે! તેથી સ્તો મા-બાપ કે શિક્ષક-શિક્ષિકાઓ સૌ ઈચ્છે કે વાર્ષિક પરિણામ ઉત્કૃષ્ટ આવે અને તે લાવવા માટે જાત-જાતના દબાણ કરતા હોય છે. ઘણીવાર ઠોઠ, ડફોળ, મૂરખ - જેવા શબ્દ -હારો સાથે આડકતરી રીતે ધાક-ધમકી પણ આપે છે. ટ્યુશનના ચક્રાવામાં અટવાયેલા બાળકો ઊંઘ અને આહારની તોછડને કારણે બીમારીનો ભોગ બને છે. આવા કહી કે ન સહી શકાય તેવા છુપા દબાણોથી ગભરાયેલું સંતાન અંતિમ ઉપાય તરીકે નદી નહેર કે કુવામાં ઝંપલાવીને, ગળે ફાંસો ખાઈને કે ઝેર ઘોળીને જીવન ટૂંકાવી દેતું હોય છે. ક્યારેક મા-બાપનેજ આદર્શ માનનારા એમના પરત્વે અત્યંત ે-માસક્ત હોય - આવા સંતાનો પરિણામ મેળવવામાં મા-બાપની અપેક્ષાએ ઉણા ઉતરે ત્યારે મો દેખાડવાને લાયક ન હોવાની લાગણીથી નાસીપાસ થઈ - વિકટ પરિસ્થિતિમાંથી ઉગરવા આત્મ-હત્યા કરી બેસે છે.

આવા હિચકારા કૃત્યોના દુષ્પરિણામો રોકવા મા-બાપકે શિક્ષક-શિક્ષિકાઓ અસમર્થ છે. આ માટે તો -થમ -યાસરૂપે શિક્ષણવ્યવસ્થા અને પરિક્ષા પદ્ધતિનો બદલાવ જરૂરી છે. બીજું કે પરિક્ષાને અપાતું વધુ પડતું મહત્વ છોડી પરિક્ષા કરતા જીંદગી મહામૂલી છે આ સમજાવવા મા-બાપે સમય કાઢી પોતાના બાળકના અભ્યાસમાં રસ લેવો. તેની સાથે હુંફાળો સંબંધ સ્થાપે, એની સાથે રહી સમય ગાળે એ પણ જરૂરી છે. માત્ર જન્મ આપ્યાનો, ભરણપોષણ કે જરૂરી સુખ-સુવિધાઓ પૂરી પાડી છૂટી જવાનું નથી. એની સાથે ઉમળકાભર્યો - નિખાલસ આત્મિક સંબંધ વિકસાવવો પડશે. બાળક એ સ્વતંત્ર વ્યક્તીપૂંજ છે. તેનો સહર્ષ સ્વીકાર કરી નિખાલસ સંવાદ સાધો. બાળકમાત્ર સ્વપ્નો કે આદર્શો પૂરા કરવાનું સાધન કે વસ્તુ નથી એ તો એક સ્વતંત્ર વ્યક્તિત્વ છે. તેને ઉછેરતા શીખો...

ખાસ કરીને તારુણ્યવસ્થા દરમ્યાન જ આત્મહત્યાના બનાવો બને છે.એનું કારણ એ કે પોતાને કોઈ સમજનાર નથી, પોતાના પ્રશ્નો કે સમસ્યાઓનો ઉકેલ નથી એવું યુવક-યુવતીઓ માનતાં હોય છે. ત્યારે મા-બાપ, શિક્ષક-શિક્ષિકાઓ કે અન્ય વડીલો-સ્વજનોનું માર્ગદર્શન મળી રહે એવો -ત્યક્ષ કે પરોક્ષ સંવાદ રચાય એ માટે -યાસ કરવો રઝ્ઝો... આ સાથે એક આવશ્યક બાબત એ કે શિક્ષણવ્યવસ્થા અને પરીક્ષા પદ્ધતિને પહોંચી વળવાના અસરકારક પગલાં રૂપે શૈક્ષણિક વર્ષની શરૂઆતથી જ નિષ્ઠાથી, શિસ્તબદ્ધ, નિયમિતપણે અભ્યાસરત રહેવાની આદત કેળવાય તેવું વ્યવસ્થાપન કરવું જોઈએ. બીજું કે ન સમજાતા વિષયાંગ, સંકલ્પના કે કઠીન બાબત અંગે પોતાના વિષય શિઘાક પાસે નિસંકોચપણે નમ્રતાથી રજૂઆત કરી સમજવા -યાસ કરો. ત્યારબાદ ઘરે આવીને નિયમિતપણે ગૃહકાર્ય પૂરું કરવાનો આગ્રહ રાખો!! તો કોઈપણ વધારાના કોચિંગક્લાસ કે ટ્યુશન વગર ઉત્તમ પરિણામ લાવી શકશો.

પોતાના સંતાનને જો સારી રીતે સમજતા હશો તો પરીક્ષા સારી ન ગઈ હોય તો પણ બાળક તનાવથી દૂર રહેશે - પરીઘાના તાવથી દૂર રહેશે. પરીક્ષાટાણે અતિ ઉજાગરાં કરી શરીર પર અત્યાચાર કરતા હોઈએ છીએ. મિત્રો,પરીઘાખંડમાં -વેશતી વખતે તન-મન સ્વસ્થ, -ફુલ્